**વાપીમાં 328 જેટલા ઉદ્યોગો PNG (પાઇપ્ડ નેચરલ ગેસ) નો ઉપયોગ**

# વાપીના ઉદ્યોગોને PNG ગેસના કાપ સામે સ્ટીમ હાઉસનો સહારો

**ગુજરાત** ગેસ લિમિટેડ દ્વારા સપ્લાયમાં 50 ટકાના કપાત સામે વીઆઈએની ૧૬ તારીખ સુધી કપાતને મુલતવી રાખવા રજૂઆત




વાપી : ઈરાન યુદ્ધની અસર હવે વાપીના ઉદ્યોગો સુધી થવા લાગી છે. ઈરાન સામે અમેરીકા તેમજ ઈઝરાઈલે શરૂ કરેલા યુદ્ધને લઈને વાપીના ઉદ્યોગોને અપાતા ગેસ સપ્લાયમાં શુક્રવારથી 50 ટકા કપાત મૂકવા માટે ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા ઉદ્યોગોને ઈમેલ કરવામાં આવ્યા હતા. વાપીના ઉદ્યોગોના પ્રતિનિધિ એવા વીઆઈએ દ્વારા ગુજરાત ગેસ લિમિટેડને દસ દિવસ સુધી ગેસના સપ્લાયમાં કપાત નહીં કરવા માટે રજૂઆત કરી છે. જોકે વાપીના ઉદ્યોગો પાસે સ્ટીમ હાઉસનો વૈકલ્પિક સહારો હોવાથી ગેસ સપ્લાયમાં 50 ટકાનો કાપ વાપીના ઉદ્યોગોને વધુ અસર નહીં કરે તેવું ઉદ્યોગો સાથે સંકળાયેલા સૂત્રોનું કહેવું છે. વાપીમાં 328 જેટલા ઉદ્યોગો PNG (પાઈપ્ડ નેચરલ ગેસ) નો ઉપયોગ કરી રહ્યા છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે આકસ્મિક પરિસ્થિતિને કારણે ગેસ સપ્લાય પર અસર પડી છે અને R-LNG ની ઉપલબ્ધતામાં ભારે ઘટાડો થયો છે. વર્તમાન આકસ્મિક પરિસ્થિતિમાં ઉદ્યોગોને ગેસ કંપની તરફથી જે ઈમેલ કરવામાં આવ્યો છે તેમાં જણાવ્યા પ્રમાણે MGO(ન્યૂનતમ ગેસ જથ્થો) કોન્ટ્રાક્ટ માટે તમારા યુનિટની દૈનિક કોન્ટ્રાક્ટ ક્વોન્ટિટી (DCQ) મર્યાદિત કરવામાં આવી છે. હવે તમે તમારા કરાર કરેલા જથ્થાના માત્ર 50% અથવા ફેબ્રુઆરી 2026 દરમિયાન લીધેલા સરેરાશ જથ્થામાંથી જે ઓછું હોય તેટલો જ ગેસ વાપરી શકશો. આ નિયમ 06 માર્ચ 2026 થી અમલમાં આવશે. ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા ઉદ્યોગોને જાણ કરવામાં આવી છે. પરંતુ વાપીના ઉદ્યોગો પાસે સ્ટીમ હાઉસનો સહારો હોવાથી વધુ મુશ્કેલી નહીં પડે તેવું હમણાં તો અનુમાન છે. સ્ટીમ હાઉસથી મોટાભાગના ઉદ્યોગો પાઈપ લાઈનના કનેકશન હોવાથી બીજા એસ્ટેટની જેમ અહીં ઉત્પાદન ઠપ્પ થઈ જાય તેવી પરિસ્થિતિ નથી. છતાં હાલની સ્થિતિમાં ઉદ્યોગોએ જરૂરી ઉત્પાદન જ કરીને ઉત્પાદનમાં કાપ મૂકીને સ્થિતિને સંભાળવી પડશે.

### ગુજરાત ગેસ કંપનીને વીઆઈએની રજૂઆત

ગેસ કંપનીને વીઆઈએ દ્વારા જે રજૂઆત કરવામાં આવી છે તેમાં જણાવ્યા પ્રમાણે, વાપી ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટના ઘણા ઉદ્યોગ સભ્યો ઉર્જાના મુખ્ય સ્ત્રોત તરીકે PNG (પાઇપ્ડ નેચરલ ગેસ) નો ઉપયોગ કરી રહ્યા છે. ગુજરાત ગેસ દ્વારા PNG પુરવઠામાં કાપને કારણે આ ઉદ્યોગ સભ્યોએ તેમનું ઉત્પાદન ઘટાડવું પડી શકે છે. તમે ઉલ્લેખ કર્યો છે કે ૫૦% ઘટાડો છેલ્લા ૩૦ દિવસના સરેરાશ વપરાશને ધ્યાનમાં લઈને કરવામાં આવશે. અમે તમને વિનંતી કરીએ છીએ કે છેલ્લા ૩ મહિનાની સરેરાશને ધ્યાનમાં લેવી, કારણકે છેલ્લા ૩૦ દિવસમાં ઔદ્યોગિક એકમોએ મેન્ટેનન્સ વગેરે માટે તેમની ઉત્પાદન પ્રવૃત્તિઓ ઘટાડી હોય અથવા કામચલાઉ ધોરણે બંધ રાખી હોય તેવું બની શકે છે. તેથી, આ સંજોગોમાં ઓછો વપરાશ થયો હોવાથી ઘટાડેલો MGO ઉત્પાદન પ્રવૃત્તિઓ માટે વાસ્તવિક અને વ્યવહારુ ન હોઈ શકે.

## વાપી રાતા ખાડીમાં ચાર પૈકી એક યુવક ડૂબી ગયો

વાપી : વાપી નજીકના રાતા ખાડીમાં ધૂળેટીના દિવસે સાંજના સમયે આકાશ ગુપ્તા, પ્રકાશ ચોરસીયા, અતુલ વિનોદ સોની (ઉ.22) અને નીરજ ગુપ્તા ભેગા મળી પાણીમાં સ્નાન કરવા માટે ગયા હતાં. ચારેય મિત્રો નદીના ઉડાણવાળા સ્થળે પહોંચ્યા હતાં. સ્નાન કર્યા બાદ ત્રણ મિત્રો બહાર નીકળી આવ્યા હતા જ્યારે અતુલ સોની (રહે. સન એવન્યુ એપાર્ટમેન્ટ, ટાંકી ફળિયા, વાપી, મૂળ યુપી) નદીના ઊંડા પાણીમાં ડૂબી ગયો હતો. આ બનાવ અંગેની જાણ ફાયર વિભાગ અને પોલીસને કરવામાં આવી હતી. બનાવ સ્થળે વાપી ડુંગરા પોલીસ અને વાપી ટાઉન મનપા ફાયર વિભાગની ટીમ આવી પહોંચી હતી. ફાયર ટીમ દ્વારા કલાકોની જહેમત બાદ ડૂબી ગયેલ યુવકની લાશ બહાર કાઢી હતી. આ બનાવ અંગેની જાણ મૃતકના ભાઈ વિકાસ સોનીએ વાપી ડુંગરા પોલીસ મથકે કરી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### સંસ્કારધન એ શ્રેષ્ઠ કક્ષાનું ધન છે : પદ્મદર્શનસૂરિજી



સુરત : વાપી ટાઉન નહેરુ સ્ટ્રીટ ખાતે આવેલા શ્રી લબ્ધિસૂરિજી જ્ઞાનમંદિરમાં જૈનાચાર્ય પૂ. પદ્મદર્શનસૂરિજી મહારાજ અને પૂ. મુનિશ્રી પ્રેમદર્શનજી મહારાજની પાવન નિશ્રામાં ધર્મસભાનું આયોજન થયું હતું. આ રૂડા અવસરે પૂ. આચાર્ય શ્રી પદ્મદર્શનસૂરિજી મહારાજે જણાવ્યું હતું કે, જ્યાં જવાનું હોય તેની આપણે તૈયારી કરતા હોઈએ છીએ એ જ રીતે અહીંથી જ્યાં જન્મ લેવાનો છે ત્યાંની પણ તૈયારી કરવી જોઈએ. વર્તમાનનો જ વિચાર કરવાનો નથી, ભવિષ્યની પણ વિચારણા કરવી જોઈએ. પુણ્યનો બગાડ ન કરવો જોઈએ અને તમારા પ્રભાવનો પણ બગાડ ન કરવો જોઈએ. વર્તમાનને સેટ કરવા પુણ્યથી મળેલી સંપત્તિનો બેફામ ઉપયોગ કરવાથી ભવિષ્ય ધૂંધળું બની જશે. તમારા સંતાનો અને પરિવાર સંબંધી ભવિષ્યની વિચારણા કરવી જરૂરી છે. અત્યારે તો સંસ્કાર કરતાં પણ સંપત્તિની વધુ ચિંતા થઈ રહી છે. સંસ્કારધન એ શ્રેષ્ઠ કક્ષાનું ધન છે. સંસ્કારોની હોળી થશે તો જીવન ઉદ્યાનને બદલે ઉકરડો બની જશે.

### અતુલ લિમિટેડમાં રાષ્ટ્રીય સુરક્ષા દિવસની ઉજવણીનો આરંભ



વલસાડ : તારીખ 5 માર્ચના રોજ અતુલ લિમિટેડ દ્વારા 55મા રાષ્ટ્રીય સુરક્ષા દિવસની માસિક ઉજવણીનો ઉત્સાહભેર આરંભ થયો હતો. સુરક્ષા પર્વને સ્ત્રી સશક્તિકરણ સાથે સાંકળી કાર્યક્રમની શરૂઆત મહિલા કોન્ટ્રાક્ટર દ્વારા ધ્વજારોહણ કરીને કરવામાં આવી હતી. આ અવસરે કંપનીના પર્યાવરણ, સ્વાસ્થ્ય અને સુરક્ષા વિભાગ દ્વારા ‘મારી સુરક્ષા મારા હાથમાં- હું પણ સેફ્ટી ઓફિસર’ ની ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી. રાષ્ટ્રીય સુરક્ષા દિવસની આ વરસની થીમને અનુસરી કંપની દ્વારા સમગ્ર માસ દરમ્યાન અનેકવિધ પ્રવૃત્તિઓનુ આયોજન થયુ છે. જેમાં સ્લોગન, પોસ્ટર, ઓનલાઇન ક્વીઝ જેવી હરીફાઇઓ યોજાશે. નવતર પ્રયોગરૂપે વિસ્તારના અન્ય ઉદ્યોગો સાથે સલામતીને અનુલક્ષી આચારવિચારના આદાનપ્રદાનનો ‘સંવાદ’ કાર્યક્રમ આયોજિત કરવામાં આવશે. આ કાર્યક્રમમાં કંપનીના ઉચ્ચ અધિકારીગણ, કર્મચારીઓ, કોન્ટ્રાક્ટર પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને સૌએ મળીને સુરક્ષા સંસ્કૃતિ મજબૂત કરવા માટે સતત પ્રયાસ ચાલુ રાખવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

### વાંસદાની શ્રી હોસ્પિટલમાં બ્લડ સ્ટોરેજ સેન્ટરનું ઉદઘાટન




વાંસદા : વાંસદામાં શ્રી હોસ્પિટલ ખાતે બ્લડ સ્ટોરેજ સેન્ટરનું ઉદ્ઘાટન કેબિનેટ મંત્રી નરેશભાઈ પટેલ તથા વલસાડ-ડાંગના સાંસદ ધવલભાઈ પટેલના હસ્તે કરાયું હતું. બ્લડ સ્ટોરેજ સેન્ટર વાંસદા વિસ્તારમાં ઈમરજન્સી સારવાર માટે આશીર્વાદ સમાન બનશ. આ પ્રસંગે હોસ્પિટલ સંચાલનકો દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. શ્રી હોસ્પિટલના સંચાલક ડો. લોચન શાસ્ત્રી અને ડો. સ્મિતા પટેલના માર્ગદર્શન તથા સહયોગથી યોજાયેલા કેમ્પમાં 36 બોટલ બ્લડ એકત્રિત કરવામાં આવી હતી. આ સેન્ટર શરૂ થતાં હવે સ્થાનિક દર્દીઓને સમયસર બ્લડ ઉપલબ્ધ થવામાં મોટી સહાય મળશે.

### ચીખલી કોલેજનો વીર નર્મદ દ.ગુ.યુનિ. ડી-ઝોન ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઇનલમાં પ્રવેશ



ધર્મેશ પટેલ

ઘેજ : ચીખલી કોલેજે દ.ગુ.યુનિ. ડી-ઝોન ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. યુનિ. ઇન્ટર કોલેજ ડી-ઝોન ક્રિકેટ ટુર્નામેન્ટ નું આયોજન શ્રી એમ.આર.દેસાઈ આર્ટસ એન્ડ ઈ.ઈ.એલ.કે.કોમર્સ કોલેજ ચીખલી દ્વારા કરવામાં આવ્યુ છે. જેમાં કુલ 31 કોલેજોએ ભાગ લીધેલો હતો. સેમી ફાઇનલ રાઉન્ડ વલસાડમાં બી.કે.એમ. સાયન્સ કોલેજ અને ચીખલી કોલેજ વચ્ચે મેચ રમાઇ હતી. જેમાં વલસાડ કોલેજે પ્રથમ બેટીંગ પસંદ કરી 40 ઓવરમાં 26.4 ઓવરમાં 97 રન બનાવી ઓલઆઉટ થઇ ગઇ હતી. જેમાં ચીખલી કોલેજ તરફથી વિનોદ ચૌધરીએ 3, પાર્થિવ ચૌધરીએ 2, તીર્થ પટેલે 2, આદિત્ય રાયે 2 અને હર્ષલ સોલંકીએ 1 વિકેટ ઝડપી હતી. જવાબમાં ચીખલી કોલેજે 3 વિકેટે 101 રનનો ટારગેટ પૂરો કરી 7 વિકેટે મેચ જીતીયુનિ. ઇન્ટર કોલેજ ડી-ઝોન ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઇનલમાં પ્રવેશ કરી યુનિ સુરત ઇન્ટર ઝોનલ ક્રિકેટ ટુર્નામેન્ટ માટે ક્વાલિફાઈ પણ કરી લીધું છે. ચીખલી કોલેજ વતી નૈતિક સોલંકીએ 28 બોલમાં 34 રન, અમન વમને 21 બોલમાં 33 રન અને ઓપનર નીલ ટંડેલે 22 બોલમાં 16 રન કર્યા હતા. આ સેમી ફાઇનલ મેચમાં મેન ઓફ ધ મેચ વિનોદ ચૌધરી જાહેર કર્યો હતો. જેણે 8 ઓવરમાં 21 રન આપી 3 વિકેટ ઝડપી હતી. જેને કોચિંગ પ્રોફેસર ડો.જયમલ નાયક દ્વારા પૂરુ પાડવામાં આવ્યું છે. આ સિદ્ધિ બદલ સંસ્થાના ચેરમેન દર્શન દેસાઈ, સેક્રેટરી સોનલ દેસાઈ, કોલેજનાં પ્રિન્સિપાલ ડો.ફાલ્ગુનીબેન દેસાઈ, વાઇઝ પ્રિન્સિપાલ ડો.મુકેશ પટેલે શુભેચ્છા પાઠવી હતી.

### પીપલગભણના વૃધ્ધનું વાહનની ટક્કરે મોત

ઘેજ : ચીખલીના તલાવચોરા સંજય ફાર્મ ખાતે પૌત્રને ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે લેવા ગયેલા પીપલગભણના વૃધ્ધનું અજાણ્યા વાહનની ટક્કરે સારવાર દરમ્યાન મોત નીપજ્યું હતું. પીપલગભણ ભરવાડ ફળીયા ખાતે રહેતા દિનેશભાઇ મીઠુલભાઇ પટેલ ગુરૂવારની સાંજના સવા સાતેક વાગ્યાના સુમારે મોટર સાયકલ નં-જીજે-૨૧-આર-૮૩૧૧ લઇને તલાવચોરા સ્થિત સંજય ફાર્મ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે પૌત્રને લેવા જઇ રહ્યા હતા. દરમ્યાન એક અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી મોટર સાયકલ સવાર દીનેશભાઇને અડફેટે લેતા માથામાં ગંભીર ઇજા પહોંચતા સારવાર અર્થે ચીખલીની સ્પંદન હોસ્પિટલ ખાતે ખસેડાતા તબીબે મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગેની ફરિયાદ મરનારના પુત્ર કમલ પટેલ (ઉ.વ-૩૭) (રહે.પીપલગભણ ભરવાડ ફળીયા) એ કરતા પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઇ-એફ.એચ.પટેલ કરી રહ્યા છે.

## ધરાસણા કોસ્ટલ હાઈવે ઉપર અકસ્માતમાં પતિનું મોત, પત્નીને ઈજા

વલસાડ : વલસાડ બીલીમોરા કોસ્ટલ હાઈવે ઉપર બાઈક ઉપર જઈ રહેલા દંપતિની બાઈકને અકસ્માત નડતા પતિનું મોત થયું હતું. જ્યારે પત્નીને ગંભીર ઈજા પહોંચી હતી. બીલીમોરા સોમનાથ મંદિર પાછળ રહેતા ભગવાનભાઈ સોમાભાઈ ટંડેલ તેમની પત્ની રોશનીબેન ભગવાનભાઈ સાથે કેલિબર મોટર સાઈકલ નંબર જી જે 21 સી.0049 ઉપર સવાર થઈ સિવિલ હોસ્પિટલથી પરત ઘરે જઈ રહ્યા હતા તે સમયે ધરાસણા કોસ્ટલ હાઈવે જી.ઈ.બી સ્ટેશન નજીક સ્ટિયરીંગ ઉપરનો કાબુ ગુમાવતા માર્ગની બાજુમાં પડી જવાથી ચાલક ભગવાનભાઈને માથાંમાં ગંભીર ઈજા પહોંચતા મોત નીપજ્યું હતું. જ્યારે પત્નીને કપાળ અને છાતીના ભાગે ગંભીર ઈજા થતા દવાખાને લઈ જવાયા હતા. ઘટના અંગે ખુશ્બુબેન લાલજી ટંડેલે ડુંગરી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

## ગણદેવી વણગામ આહીરવાસમાં દીપડાના હુમલામાં 10 બકરાના મોત

**વણગામ** અને આસપાસના વિસ્તારમાં દીપડાના વધતા આતંકથઈ ગ્રામજનોમાં ભયનો માહોલ

બીલીમોરા : ગણદેવી તાલુકાના કાંઠા વિસ્તારમાં વણગામ ગામના આહીરવાસમાં દીપડાનો આતંક જોવા મળ્યો હતો. શુક્રવારે વહેલી સવારે દીપડાએ પશુપાલકના ઘર લગોલગ બકરાંની વાયણી (વાડ)માં રાખેલા ૧૧ બકરાંનો શિકાર કર્યો હતો. જેમાં ૧૦ બકરાંના ઘટનાસ્થળે મોત થયા હતા જ્યારે એક બકરો ગંભીર રીતે ઘાયલ હાલતમાં છે. ઘટનાને પગલે વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો.

મળતી માહિતી મુજબ બીલીમોરા કોસ્ટલ હાઈવે નજીક વણગામ આહીરવાસમાં રહેતા પશુપાલક સુરેશભાઈ જોગીભાઈ આહીરે પોતાના પાલતું બકરાં માટે શેડમાં વાયણી (વાડ) બનાવી હતી, જ્યાં રોજ રાત્રે બકરાં રાખવામાં આવતા હતા. શુક્રવારે વહેલી સવારે દીપડો ઘૂસી ગયો હતો અને એક બાદ એક બકરાં પર હુમલો કરી ૧૧ બકરાંને નિશાન બનાવ્યા હતા. જેને પગલે પશુપાલકને લાખો રૂપિયાની નુકસાની વેઠવાનો વારો આવ્યો હતો.

ઘટનાની જાણ થતાં જ પશુપાલકએ ગણદેવી વન વિભાગને જાણ કરતા ટીમ પહોંચી તપાસ હાથ ધરી હતી. દીપડાને પકડવા માટે મૃત બકરાંનું મારણ મૂકી પાંજરું ગોઠવવામાં આવ્યું છે. વણગામ અને આસપાસના વિસ્તારમાં દીપડાના વધતા આતંકને કારણે ગ્રામજનોમાં ભયનો માહોલ સર્જાયો છે અને વન વિભાગ દ્વારા તાત્કાલિક પગલાં લેવામાં આવે તેવી માંગ ઉઠી છે.

## વલસાડના ‘સેવા સદન-1’ ના મકાનને તોડવાનું મુહૂર્ત નીકળ્યું

**ઇમારતને** જોખમી જાહેર કરી ખાલી કરાવ્યાના પાંચ વર્ષ બાદ જમીનદોસ્ત કરવાનો નિર્ણય લેવાયો




વલસાડ : શહેરના હાર્દ સમાન વિસ્તારમાં આવેલી જૂની કલેક્ટર કચેરી, જે ‘સેવા સદન-1’ તરીકે ઓળખાય છે, તેને તોડી પાડવાની કામગીરી આખરે શરૂ કરવામાં આવી છે. આ ઇમારતને જોખમી જાહેર કરી ખાલી કરાવ્યાના પાંચ વર્ષ બાદ તંત્ર દ્વારા તેને જમીનદોસ્ત કરવાનો નિર્ણય લેવાયો છે. લાંબા સમયથી જર્જરિત હાલતમાં રહેલા આ માળખાને તોડવાની શરૂઆત થતાં હવે આ જગ્યાએ ભવિષ્યમાં અત્યાધુનિક સુવિધાઓ ધરાવતું નવું સંકુલ આકાર લે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. PWD વિભાગ દ્વારા સુરક્ષાના તમામ માપદંડો સાથે ડિમોલિશનની કામગીરી હાથ ધરવામાં આવી છે.

આ બહુમાળી ભવનનું નિર્માણ વર્ષ 1974માં કરવામાં આવ્યું હતું. સુરતની SVNIT કોલેજના એન્જિનિયરિંગ વિભાગના પ્રાધ્યાપક અતુલ પટેલ અને તેમની ટીમ દ્વારા કરવામાં આવેલા ટેકનિકલ સર્વેમાં આ મકાનને અત્યંત જોખમી જાહેર કરાયું હતું. નિષ્ણાતોના મતે, આ બિલ્ડિંગ હવે મરામત (રિપેરિંગ) લાયક પણ રહ્યું નહોતું. મુલાકાતીઓ અને સ્ટાફની સુરક્ષાને ધ્યાને રાખી તેને તોડી પાડવું જ હિતાવહ હોવાથી તેને ખાલી કરાવવાનો નિર્ણય લેવાયો હતો.

### 21 સરકારી કચેરીઓ હાલ અન્યત્ર કાર્યરત

PWD વિભાગની નોટિસ બાદ આ બિલ્ડિંગમાં કાર્યરત 21 જેટલી મહત્વની સરકારી કચેરીઓને અન્યત્ર ખસેડવાનો આદેશ અપાયો હતો. હાલમાં આ કચેરીઓ શહેરના વિવિધ ખાનગી કોમર્શિયલ કોમ્પ્લેક્સ, ખાલી પડેલી શાળાઓ અથવા અન્ય સરકારી મકાનોમાં હંગામી ધોરણે કાર્યરત છે. નવા ભવનના નિર્માણ બાદ આ તમામ કચેરીઓને ફરી એક જ છત નીચે લાવવામાં આવશે.

## સંક્ષિપ્ત સમાચાર

### ગણદેવી સુગરમાં દ. ગુ.ની ખાંડ સહકારી મંડળીઓનો સંવાદ બેઠક



કેરસી બારીયા

બીલીમોરા : ગણદેવી સુગર ફેક્ટરી ખાતે દક્ષિણ ગુજરાતની ખાંડ સહકારી મંડળીઓને વધુ સક્ષમ બનાવવા અને સહકારી ક્ષેત્રના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપવા બે દિવસીય “સંવાદ બેઠક”નું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠક શુક્રવાર અને શનિવાર દરમિયાન ચાલી રહી છે. સંવાદ બેઠકનો મુખ્ય હેતુ ખાંડ સહકારી ક્ષેત્રના વિકાસ માટે માર્ગદર્શન આપવું, મંડળીઓની કાર્યક્ષમતા વધારવા અંગે ચર્ચા કરવી તેમજ ક્ષેત્ર સામે ઉભા થતા પ્રશ્નો અને પડકારો અંગે વિચારવિમર્શ કરવાનો રહ્યો હતો. બેઠક દરમિયાન ખાંડ ઉદ્યોગ સાથે સંકળાયેલા વિવિધ પ્રશાસકીય તથા તક્નિકી મુદ્દાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે નવસારી, વલસાડ, સુરત અને નર્મદા જિલ્લાના રજિસ્ટ્રાર સહકારી મંડળીઓના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સાથે સાથે ગણદેવી, મહુવા, કોપર, વ્યારા, નર્મદા, બારડોલી, ચલથાણ, વડોદરા, સાયણ, મઢી અને પંડવાઈ સહિતની વિવિધ સુગર મિલોના મેનેજિંગ ડાયરેક્ટર તથા એગ્રીકલ્ચર ઓફિસરો પણ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન મંડળીઓ વચ્ચે ભાવોની અનાવશ્યક પ્રતિસ્પર્ધા ઘટાડવી, સહકારી મંડળીઓના ફંડ અને નફામાં વધારો, મંડળીઓના ઉત્પાદનોને કોમન બ્રાન્ડ નેઇમ હેઠળ માર્કેટિંગ અને લેબર લેસ ટેક્નોલોજી જેવા મુદ્દાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગણદેવી સુગરના ડિરેક્ટર્સ રણજીત પટેલ, રાજાભાઈ ઉર્ફે રાજેશ પટેલ, અભિષેક પટેલ, અમરતભાઈ પટેલ, ગણપતસિંહ ચૌહાણ, ઓએસ મુકેશ પટેલ સહિત અગ્રણીઓ હાજર રહ્યા હતા.

### આહવાની મહિલા સાથે અડપલા તેમજ જીવલેણ હુમલામાં આરોપીને ૧૦ વર્ષની કેદ

સાપુતારા : ડાંગ જિલ્લાની એડિશનલ સેશન્સ કોર્ટ - આહવાના ન્યાયાધીશ ડો પી. એ. પરમાર દ્વારા આહવા પોલીસમા નોંધાયેલા ગુનાના આરોપી તુકારામભાઇ દેવરામભાઇ પવારને ૧૦ વર્ષની સખત કેદની સજા ફરમાવી છે. આરોપીએ ગામની મહિલાના ઘરમાં પ્રવેશી શારીરિક અડપલાં કર્યાં હતાં. તેમજ મહિલા પર જીવલેણ ઘા કર્યો હતો. બંને છોકરાઓ પર છરી વડે ગળાના ભાગે હુમલો કરી ગંભીર ઇજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે ઘટના અંગે પોલીસે આરોપી વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી હતી. જે બાદ આહવા કોર્ટમાં કેસ ચાલતા સરકારી વકીલ સી. એમ. ઠાકરે આરોપી વિરુદ્ધ પુરાવાઓ રજૂ કરી ધારદાર રજુઆત કરતાં, ન્યાયાધીશ ડો પી. એ. પરમારે સજા ફરમાવી છે. આરોપીને ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ- ૪૨૮ મુજબ તમામ સજાઓ એકી સાથે ભોગવવા હુકમ કરેલો છે.

## લોકહિત કાજે લગ્નપ્રસંગ છોડી પૂર્વ સરપંચ રસ્તા પર ઉતર્યા

**નાનીવહીયાળ** નજીક જીવલેણ ખાડાઓ ન પૂરતા અકસ્માતોની ભરમાર, રસ્તા રોકો આંદોલનની ચીમકીથી કામ શરૂ



વલસાડઃ શામળાજી-વાપી નેશનલ હાઈવે નંબર 56 પર લાકડમાળથી નાનીવાહિયાળ કપરાડા બોર્ડર સુધીના માર્ગ પર સર્જાયેલા જીવલેણ ખાડાઓને કારણે અકસ્માતોનું પ્રમાણ વધ્યું છે. વારંવારની રજૂઆતો છતાં હાઈવે ઓથોરિટીની નિષ્ક્રિયતા સામે આખરે સ્થાનિકોએ આક્રમક વલણ અપનાવ્યું હતું.

નાની વહીયાળ ગામના પૂર્વ સરપંચ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ આદિવાસી સેલના કાર્યકારી ચેરમેન દિલીપ પટેલે વાહનચાલકોની સુરક્ષાને પ્રાથમિકતા આપી હતી. પોતાના ભાણેજના લગ્ન હોવા છતાં, તેઓ પીઠીનો પ્રસંગ છોડીને આગેવાન મહેશ વાહુંત અને અન્ય યુવાનો સાથે માર્ગ પર ઉતરી આવ્યા હતા. તેમણે ચીમકી આપી હતી કે જો સાંજ સુધીમાં ખાડા પૂરવામાં નહીં આવે તો ‘રસ્તા રોકો’ આંદોલન કરવામાં આવશે.

ગઈકાલે જ આ માર્ગ પર બે બાઈક સવારો અકસ્માતનો ભોગ બન્યા હતા. આંદોલનની ઉગ્રતા જોતા ધરમપુર પોલીસ અને હાઈવે ઓથોરિટીના અધિકારીઓ તુરંત સ્થળ પર દોડી આવ્યા હતા. તંત્ર દ્વારા તાત્કાલિક ખાડા પૂરવાની કામગીરી શરૂ કરાતા આંદોલન હાલ પૂરતું મોકૂફ રાખવામાં આવ્યું હતું.

## ચીખલીના ઘેજમાં ચોસઠ જોગણી માતાના મંદિરનો પાટોત્સવ યોજાશે

ઘેજ : ચીખલી તાલુકાના ઘેજના દુકાન ફળિયામાં ચોસઠ જોગણી માતાના મંદિરના પાટોત્સવ સાથે નવચંડી યજ્ઞ યોજાશે. ઘેજ ગામના દુકાન ફળિયા સ્થિત પૌરાણિક ચોસઠ જોગણી માતાના મંદિરના જીર્ણોદ્ધાર બાદ ૮ મીના રવિવારના રોજ યોજાનારા નવમાં પાટોત્સવની ઉજવણી નિમિતે વહેલી સવારથી ભૂદેવોના મંત્રોચાર સાથે નવચંડી યજ્ઞ યોજાશે. આ ઉપરાંત મહાપ્રસાદ, ભજન કીર્તન, ગરબા સહિતના અનેકવિધ ધાર્મિક કાર્યક્રમોના સથવારે પાટોત્સવની ઉજવણીને લઈને સ્થાનિક ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને તેઓ દ્વારા તડામાર તૈયારી સાથે નવચંડી યજ્ઞ અને મહાપ્રસાદનો લાભ લેવા માટે જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### વાંસદાના ઝુજ ગામમાંથી દીપડો પાંજરે પુરાયો



વાંસદા : વાંસદાના ઝૂજ ગામે રહેતા પંકજ પટેલના ઘરની બાજુમાં આવેલા ખેતરમાં દીપડો લટાર મારતો દેખાતા સરપંચે વાંસદા વનવિભાગને જાણ કરી હતી. વાસંદા રેન્જ ફોરેસ્ટ ઓફિસરના માર્દર્શન હેઠળ વનવિભાગે પાંજરુ ગોઠવ્યું હતું. જેમાં વહેલી સવારે ૬:૩૦ કલાકે ૬ વર્ષનો દીપડો પાંજરે પુરાયો હતો.

## ઉમરગામ તાલુકાના 20થી વધુ માછીમારો ઈરાનમાં ફસાયા

**ચિંતાતુર** પરિવારની સરકાર પાસે મદદની આશા સાથે મામલતદારને રજૂઆત

ઉમરગામ : માછીમારી કરવા ગયેલા ઉમરગામ તાલુકાના 20 થી વધુ માછીમારો યુદ્ધની પરિસ્થિતિમાં ઈરાનમાં ફસાતા ચિંતાતુર પરિવારે સરકાર પાસે મદદની આશા સાથે ઉમરગામ મામલતદારને રજૂઆત કરી છે.

મરોલી ગ્રામ પંચાયત દ્વારા મામલતદારને કરવામાં આવેલી રજૂઆતમાં જણાવ્યું છે કે હાલમાં ઈરાન દેશમાં યુદ્ધની ગંભીર પરિસ્થિતિ સર્જાય છે.

આ પરિસ્થિતિના કારણે ભારતના ઘણા માછીમારો ત્યાં ફસાઈ ગયા છે. ઉમરગામ તાલુકાના મરોલી, ફણસા, ધોડીપાડા વગેરે ગામના કેટલાક માછીમારો કામ ધંધા માટે ઈરાન ગયા હતા.

હાલ યુદ્ધની પરિસ્થિતિમાં ત્યાં ફસાયા છે તેમનો સંપર્ક પણ થોડા દિવસથી થઈ શકતો નથી. પરિવારજનો ખૂબ જ ચિંતિત છે.

ભારત સરકાર અને ગુજરાત સરકારને અમે વિનંતી કરીએ છીએ કે અમારા ગામના વિસ્તારના ફસાયેલા લોકોને પરત સુરક્ષિત ભારત લાવવા ઘટતી યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી છે.